भाकृअनुप-भारतीय मूंगफली अनुसंधान संस्थान
स्थान और पोस्ट: इवनगर, इवनगर रोड, जूनागढ़, गुजरात, भारत
ICAR-Indian Institute of Groundnut Research
At & Post: Ivnagar, Ivnagar Road, Junagadh, Gujarat, India
Website: www.icar-iigr.org.in | Phone: 0285-2677200 | Email: hoa.iigr@gmail.com; estta.dgr@gmail.com

ફાર્મ /હરાજી/૨૫-૨૬/ તારીખ: ૧૯-૦૨-૨૦૨૬

# ચોમાસું ઋતુ માટે કરાર આધારિત ખેતી દ્વારા મગફળી ના બીજ ઉત્પાદન માટેની જાહેર હરાજી

આથી રસ ધરાવતા ખેડૂત ભાઈઓ/સંસ્થાઓ ને જણાવવાનું કે ભારતીય મગફળી સંશોધન સંસ્થા ઇવનગર રોડ, જૂનાગઢ ખાતે આવેલ ફાર્મ માં અંદાજીત ૩૦૦ થી ૩૫૦ વીઘા જમીન ચોમાસું ઋતુ ,૨૦૨૬ માં એક સીઝન માટે મગફળી ના બીજ ઉત્પાદન માટે આપવાની છે. આથી રસ ધરાવતા ખેડૂત ભાઈઓ/સંસ્થાઓ એ સ્થળ પર નિરીક્ષણ કરી ને સીલબંધ કવર માં વીઘા દીઠ ભાવ ભરી ને **તારીખ ૧૧-૦૩-૨૦૨૬ ને બુધવાર** ના દિવસે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી ફાર્મ મેનેજમેન્ટ કમિટી ની હાજરી માં રૂબરૂ માં જમા કરાવવાના રહેશે. ઈચ્છુક વ્યક્તિઓ એ વેબસાઈટ પર ઉપલબ્ધ અથવા રૂબરૂ માં ફાર્મ વિભાગ માંથી શરતો ની નકલ મેળવી વાંચી, સમજી ને સીલબંધ કવર માં વીઘા દીઠ ભાવ લખી ને સાથે લાવવાનું રહેશે ( જેમાં લાઈટ બીલ સામેલ છે , લાઈટ બીલ અલગ થી લેવામાં આવશે નહીં ). સીલબંધ કવર જમા કરાવનારને અગાઉથી જાણ કરી ને સમિતિ ની હાજરી માં કવર ખોલવામાં આવશે. કવર ખોલતા પહેલા રૂપિયા **૧૦૦૦૦** ( રૂપિયા દસ હજાર પુરા ) રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનાર નું જ કવર ખોલવામાં આવશે . સ્થળ પર નિરીક્ષણ માટે સોમવાર થી શુકવાર સવારના ૯ થી સાંજના ૫. ૩૦ સુધી અત્રેની કચેરી નો રૂબરૂ સંપર્ક કરી શકાશે. તમામ શરતો તથા વધુ વિગત માટે સંસ્થા ની વેબસાઈટ **www.icar-iigr.org.in** ની મુલાકાત લેવી.

**ખાસ નોંધ:** બીજ ઉત્પાદન માટે જમીન રાખનાર ને સંસ્થા તરફથી એક વીઘા દીઠ ૨૫ કિલો મગફળી ના દાણા નિશુલ્ક આપવામાં આવશે તથા ઉત્પન્ન થયેલ મગફળી સંસ્થા માં ફરજીયાત પરત કરવાની રહેશે જે ને ટેકાના ભાવે ખરીદવામાં આવશે.

ફાર્મ મેનેજમેન્ટ કમિટી
ભારતીય મગફળી સંશોધન સંસ્થા
ઇવનગર રોડ, જુનાગઢ

## **ચોમાસું ઋતુ ( ખરીફ ૨૦૨૬ ) માં કરાર આધારિત ખેતી દ્વારા મગફળી ના બીજ ઉત્પાદન માટેની શરતો**

**૧.** ચોમાસું ઋતુ ૨૦૨૬ માં એક સીઝન માટે અંદાજીત ૩૦૦ થી ૩૫૦ વીઘા જમીન મગફળી ના બીજ ઉત્પાદન માટે વીઘા પ્રમાણે કરાર આધારિત આપવાની છે આ વિસ્તાર માં વધારો કે ઘટાડો પણ થઇ શકે છે. વાવેતર ના વાસ્તવિક વિસ્તાર ના આધારે ચુકવણું કરવાનું રહેશે.

**૨.** આઈ.આઈ .જી.આર ઓફીસ ૧ વીઘા દીઠ ૨૫ કિલો દાણા ( બિયારણ) નિશુલ્ક આપશે . ખાતર, દવા , મજુરી તથા અન્ય જરૂરી તમામ ખર્ચ જમીન રાખનારનો રહેશે.

**3.** કરાર આધારિત જમીન રાખનાર વ્યક્તિ એ માત્ર સંસ્થા દ્વારા આપવામાં આવેલ બિયારણ ( ગીરનાર-૪ અને ગીરનાર-૫ ) નું જ વાવેતર કરવાનું રહેશે . બહારથી કોઈપણ પ્રકાર નું બિયારણ લાવી શકાશે નહિ .ઉત્પાદન કરેલ મગફળી ને સાફ કરી ગ્રેડિંગ કરી ને મગફળી સંશોધન સંસ્થા ને જ ફરજીયાત પરત કરવાનું રહેશે . પરત કરવામાં આવેલ મગફળી નો ભાવ સરકાર દ્વારા જે તે વર્ષ ના ન્યુનતમ ટેકાના ભાવ ( MSP ) પ્રમાણે સંસ્થા દ્વારા જમીન રાખનાર ને ચુકવવામાં આવશે.

**૪.** હરાજી માં ભાગ લેનાર વ્યક્તિઓ એ શરતો વાંચી સમજી ને વીઘા દીઠ ભાવ સીલબંધ કવર માં જમા કરાવવાનું રહેશે . ( જેમાં લાઇટ બીલ સામેલ છે , લાઇટ બીલ અલગ થી લેવામાં આવશે નહીં ) સીલબંધ કવર જમા કરાવનારને અગાઉથી જાણ કરી ને સમિતિ ની હાજરી માં કવર ખોલવામાં આવશે. કવર ખોલતા પહેલા રૂપિયા ૧૦૦૦૦ ( રૂપિયા દસ હાજર પુરા ) રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનાર નું જ કવર ખોલવામાં આવશે. અસફળ ઉમેદવારોને ડીપોઝીટ પરત કરી આપવામાં આવશે .

**૫.** જમીન જે છે તે જ સ્થિતિ માં આપવાની છે તેમાં જરૂરી ખેતીકાર્ય ( ખેડ વગેરે ) કરાર આધારિત જમીન કોન્ટ્રાકટ પર રાખનાર વ્યક્તિ એ કરવાનું રહેશે. સીઝન પૂર્ણ થયા બાદ સંભાળી હતી તે જ સ્થિતિ માં પરત આપવાની રહેશે.

**૬.** સફળ થનાર વ્યક્તિ એ હરાજી ની કુલ રકમ ના ૨૫ % રકમ એક અઠવાડિયા ની અંદર જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ જમીન માં કામ કરવા પ્રવેશ આપવામાં આવશે , બાકીની ૭૫ % રકમ પાક ની કાપણી બાદ ૧૦ દિવસ ની અંદર જમા કરાવવાની રહેશે.

**૭.** કાર્યાલય દ્વારા એક વખત બધી જ મોટર ચાલુ કરી ને બતાવવામાં આવશે ત્યારબાદ રીપેરીંગ વગેરે ની બધી જ જવાબદારી જમીન રાખનાર ની રહેશે અને છેલ્લે જમીન પરત સોંપતી વખતે બધી જ મોટર ચાલુ કંડીશન માં સોંપવાની રહેશે.

**૮.** સ્થળ પર નિરીક્ષણ માટે સોમવાર થી શુકવાર સવારના ૯ થી સાંજના ૫. ૩૦ સુધી અત્રેની કચેરી નો રૂબરૂ સંપર્ક કરી શકાશે

**૯.** સીઝન દરમ્યાન વરસાદ, વાવાઝોડું કે અન્ય કુદરતી આફત થી પાક ને નુકસાન થશે તેની જવાબદારી કોન્ટ્રાક્ટ રાખનાર ની રહેશે.

**૧૦.** પિયત માટે જરૂરી પાઇપ જે ફાર્મ વિભાગ હસ્તક છે તેનો ઉપયોગ કરી શકાશે. કામ પૂર્ણ થયા બાદ સ્ટેન્ડ પર ગોઠવી દેવાના રહેશે . જેટલા HDPE પાઇપ ઉપલબ્ધ છે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે વધારાના પાઇપ મળશે નહિ

**૧૧.** જમીન ની કુલ મુદત તારીખ ૧૫-૦૪-૨૦૨૬ થી ૧૫-૧૦-૨૦૨૬ સુધી ની રહેશે

**૧૨.** પાક તૈયાર થયા બાદ બધી જ મગફળી વજન કરી ને સંસ્થા માં જમા કરાવવાની રહેશે, તેનું ચુકવણું સરકાર દ્વારા જાહેર કરેલ જે તે વર્ષ ના ન્યુનતમ ટેકાના ભાવ ( MSP ) પ્રમાણે સંસ્થા દ્વારા કરવામાં આવશે

**૧૩.** સંપૂર્ણ પાક સીઝન દરમ્યાન કોઈ પણ પ્રકાર ની દુર્ઘટના કે અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કરાર આધારિત જમીન રાખનાર ની જ રહેશે જેની ખાસ નોંધ લેવી .

**૧૪.** સીઝન દરમ્યાન સંસ્થા ની કોઈપણ માલ મિલકત ને નુકસાન થશે તો જમીન રાખનારે રીપેર કરાવી આપવાની રહેશે

**૧૫.** બધા જ પ્રકાર નું પેમેન્ટ કાર્યાલય માં ઓનલાઇન/RTGS દ્વારા કરવાનું રહેશે.

**૧૬.** હરાજી ના કોઈપણ સ્તરે કોઈપણ પ્રકારનું કારણ દર્શાવ્યા વગર હરાજી રદ કરવાનો સંપૂર્ણ અધિકાર ડાયરેકટર, આઈ.આઈ.જી.આર. જૂનાગઢ નો રહેશે

| | | | | | |
|---|---|---|---|---|---|
| (नितिन गुडधे) | ( मंजुनाथ पालेद ) | (सी.बी.पटेल) | (सुमित कुमार) | (पी. वी. झाला) | (अमित कुमार) |
| अध्यक्ष | सह अध्यक्ष | सदस्य | सदस्य | सदस्य | सदस्य-सचिव |

निदेशक महोदय को अनुमोदन हेतु प्रस्तुत